| GJBK030001652026 | રજુ તારીખ ::– ૩૦/૦૧ / ૨૦૨૬<br>દાખલ તારીખ ::– ૩૦/૦૧ / ૨૦૨૬<br>નિકાલ તારીખ ::– ૩૦/ ૦૪ /૨૦૨૬<br>સમય ગાળો ::– વર્ષ–માસ– દિવસ<br>૦૦ – ૦૩– ૦૦ |
|---|---|

**વડગામના મહેરબાન જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત સમક્ષ,**
**મુકામ– વડગામ.**

**ફોજદારી કેસ નંબર ::– ૧૨૩ / ૨૦૨૬**
**આંક::– ૧૬**

ફરીયાદી::– શ્રી સરકાર

**–: વિરૂધ્ધ :–**

આરોપી::– રાજેશભાઇ માધાભાઈ દેવીપુજક,
રહે–થલવાડા, તા.વડગામ, જી.બનાસકાંઠા

ફરીયાદી તરફથી વિદ્વાન એ.પી.પી.શ્રી ::–શ્રી **એમ.બી.તપોધન**
આરોપી તરફથી વિદ્વાન વકીલશ્રી ::–શ્રી **એલ.ડી.જાદવ**

**ગુનો:: ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટ કલમ ૬૫ એએ મુજબ**

## –:ચુકાદો:–

**૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૨૭.૧૨.૨૦૨૫ ના રોજ આ કામના તહોમતદારે પોતાના રહેણાંક ઘરે વગર પાસ પરમીટનો અને ગેરકાયદેસર રીતે દેશી દારૂ લિટર ૦ ૫, કિં. રૂ.૧૦૦૦ /–નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર મળી આવી પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યાનો આરોપી ઉપર આક્ષેપ છે.

**પોલીસ કાર્યવાહી.**

**૨)**આરોપી વિરૂદ્ધ પ્રોહીબીશન એક્ટ કલમ ૬૫ એએ મુજબ ગુના સબબની ફરિયાદ આ કામના ફરિયાદીનાઓએ **છાપી પોલીસ સ્ટેશન**માં નોંધાવતા, તે આધારે પી.એસ.ઓ.શ્રી દ્વારા ગુન્હા રજીસ્ટર્ડ નંબર–**૧૧૧૯૫૦૦૯૨૫૦૬૯૫ / ૨૦૨૫,** થી તારીખ ૨૭ / ૧૨ / ૨૦૨૫ નારોજ ગુન્હો નોંધવામાં આવેલો. સદર ગુન્હાની તપાસ કરનાર અધીકારીશ્રીએ તપાસ કરી, જરૂરી પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના જવાબો લઇ આરોપીને અટક કરેલ અને આરોપી વિરૂદ્ધ ગુના સબબના પુરાતા પુરાવા મળી આવતા અત્રેની અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરેલ છે.

**કોર્ટ કાર્યવાહી.**

**૩)** આ કામે આરોપીને સમન્સ બજતા આરોપી કોર્ટમાં રૂબરૂ તેમના વકીલ મારફત હાજર થતા તેઓને બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યા અંગેની ખાતરી કરવામાં આવેલ છે. વિશેષમાં નામદાર ગુજરાત સરકારશ્રી દ્વારા ઓર્ડીનન્સ નં.૦૭/૨૦૧૬ થી પ્રોહીબીશન અંગેના કાયદામાં સુધારો કરવામાં આવેલ છે અને ગુનાઓની સજાની જોગવાઈ વધારવામાં આવેલ છે અને આ ઓર્ડીનન્સ તા.૧૯/૧૨/૨૦૧૬ થી અમલી બનેલ છે. આ ઉપરાંત સદર ઓર્ડીનન્સ દ્વારા પ્રોહી. એક્ટની કલમ ૧૧૬ નાબુદ કરવામાં આવેલી છે આ કાયદા અંગેના કેસો કઈ કોર્ટમાં ચાલવાપાત્ર છે તે અંગેની કોઈ જ જોગવાઈ કરવામાં આવેલ નથી. જેથી આ અંગે કાયદાની પરિસ્થિતિ જોઈએ તો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા. ૨૧/૦૯/૨૦૧૭ ના રોજ નોટીફીકેશન નં. D ૨૯૧૨–૧૩/૨૦૧૭ ના ઠરાવ મુજબ પ્રોહીબીશનના તમામ કેસો મેજી. દ્વારા ચલાવવા વિશે જણાવવામાં આવેલ છે. વળી તે બાદ નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય રજીસ્ટ્રારશ્રી સાહેબ ઈન્સપેકશનના પત્ર ક્રમાંક D ૨૯૧૨–૧૩/૨૦૧૭થી નામદાર ગુજરાત હાઈકોર્ટે વડોદરાના મહે. જીલ્લા ન્યાયધીશશ્રી સાહેબનો ક્રી.મી.એ.નં.૨૫૮૯/૨૦૧૭ માં આપેલ પ્રોહીબીશનનુ જજમેન્ટ તેના હુકમની અમલવારી માટે મોકલેલ છે. આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તેમના જયંતીભાઈ મકનભાઈ ડામોર વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રી. મી.એ.નં. ૮૮૯૨/૨૦૧૮ ના ચુકાદામાં ઠરાવ્યા મુજબ પ્રોહીબીશનના તમામ કેસો મેજીસ્ટ્રેટ કોર્ટ દ્વારા ચલાવવા પાત્ર હોઈ આ ગુન્હાની આગળની કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. તેથી સદરહુ કેસમાં આરોપી સામે **આંક –૦૫** થી ગુના અંગેનું તહોમતનામું વાંચી, સંભળાવી સમજાવી ફરમાવેલ અને આરોપીનો જવાબ **આંક –૦૬** થી લેતા તેઓએ ગુનાનો ઈનકાર કરેલ અને કેસ આગળ ચલાવવાની માંગણી કરતા ફરિયાદપક્ષે પુરાવો નોંધવામાં આવેલ છે.

**૪)** ફરીયાદપક્ષેથી પોતાના કેસ સાબિત કરવા નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**–:મૌખીક પુરાવાઓ:–**

| અ.નંબર | સાહેદ | આંક |
|---|---|---|
| ૦૧ | પંચ–રમેશભાઇ પુનાભાઇ દેવીપુજક નાઓની જુબાની | ૦૮ |
| ૦૨ | પંચ–વીહાભાઇ ઇશ્વરભાઇ દેવીપુજક નાઓની જુબાની | ૧૦ |
| ૦૩ | ત.ક.અમલદાર–જયેશભાઇ સવજીભાઇ નાઓની જુબાની | ૧૧ |

**–:દસ્તાવેજી પુરાવાઓ:–**

| અનુક્રમ નંબર | દસ્તાવેજો | આંક |
|---|---|---|
| ૦૧ | પંચનામું. | ૦૯ |
| ૦૨ | બનાવની ફરીયાદ. | ૧૨ |

| | | |
|---|---|---|
| ૦૩ | રવાનગી નોધ | ૧૪ |

## ૫) આરોપીનુ વિશેષ નિવેદન અને દલીલો

વધુમાં, સબબ કામે પડેલ પુરાવો જોતાં ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય સાક્ષીઓ તપાસવાથી પણ કેસની હકીકતો નિ:શંકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તો તે તમામ સંજોગોમાં, નામદાર સુપ્રીમ કોર્ટના – **૧) ૧૯૯૬(૩), ક્રાઈમ્સ – ૮૫ – સતીષ મહેરા વિરુદ્ધ દિલ્હી એડમિનિસ્ટ્રેશન** તથા ૨) **૨૦૦૪(૪), એસ.સી.સી. ૫૮૨ મદનમોહન વિરુદ્ધ સ્ટેટ ઓફ પંજાબ**ના ચુકાદાઓમાં નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ સિદ્ધાંત કે " **જયારે આરોપીને તકસીરવાન ઠરાવવાની કોઈ શક્યતા જણાતી ન હોય ત્યારે, કોર્ટે આવા પ્રોસીડીંગ આગળ ચલાવવા ફ્રુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ**" તે સિદ્ધાંત ધ્યાને લઈ ફરિયાદપક્ષનો પુરાવો પુરો કર્યા બાદ અન્ય સાક્ષીઓ તપાસેલ નથી.

આ કામે, પુરાવાના કાયદાની કલમ ૧૩૪ વંચાણે લેતા, પુરાવાનો જથ્થો નહિ પરંતુ, પુરાવાની ગુણવત્તા અગત્યની હોય છે. હાલના કેસમાં ફરિયાદપક્ષે રેકર્ડ પર જે પુરાવો આપેલ છે તે જોતાં ફરિયાદપક્ષ તરફે અન્ય સાહેદને ન તપાસવા છતા કેસના ગુણદોષ ઉપર કોઈ અસર થતી નથી.

ત્યારબાદ, આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ હેઠળ વિશેષ જવાબ લેવામાં આવેલ છે,જેમાં આરોપીએ ફરિયાદપક્ષના આક્ષેપોનો ઈન્કાર કરી બચાવમાં કોઈ સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર જુબાની આપેલ નથી અને વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને તેમની સામે ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આ કામે બંને પક્ષ તરફે દલીલો સાંભળવામાં આવેલ છે.

## ૬) મુદ્દા

ઉપરોકત હકીકત સદરહું કેસના ન્યાયીક નિર્ણય સારૂં મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| મુદ્દા નંબર | મુદ્દાઓ |
|---|---|
| ૧ | શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે સાબિત કરે છે કે, તા.૨૭.૧૨.૨૦૨૫ ના રોજ આ કામના તહોમતદારે પોતાના રહેણાંક ઘરે વગર પાસ પરમીટનો અને ગેરકાયદેસર રીતે દેશી દારૂ લિટર ૦૫, કિં. રૂ.૧૦૦૦/–નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર મળી આવી પ્રોહીબીશન એક્ટ કલમ ૬૫ એએ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| ૨ | શું હુકમ ? |

**૭)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

૧) નકારમાં.

૨)આખરી હુકમ મુજબ.

## –:: <u>કારણો</u> ::–

૮) આ કામના યોગ્ય ન્યાયિક નિર્ણય માટે ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લઇ તથા નક્કી કરવામાં આવેલ મુદ્દાના નિર્ણય ઉપર પહોંચવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ ઉપર રહેલો છે. ફરિયાદપક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી. ફોજદારી કાર્યવાહીમાં તમામ તબક્કે પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપીઓ ઉપરનું તહોમત નિઃશંકપણે પુરવાર કરવાનું રહે છે.

૯)આ કામે ફરીયાદપક્ષે સાહેદ તરીકે આ કામના **તપાસ કરનાર અમલદાર** શ્રી–જયેશભાઇ સવજીભાઇ નાઓ ને **આંક– ૧૧** થી સોંગદ પર પુરાવો આપેલ છે અને તેઓએ ફરજ ઉપર કરેલ કાર્યવાહી માં જણાવે છે કે, તા.૨૭/૧૨/૨૦૨૫ ના રોજ અમો તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ફરતા ફરતા થલવાડા ગામે આવતા ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે, થલવાડા ગામે રહેતા રાજેશભાઈ માધાભાઈ દેવીપુજક, ગોવીંદભાઈ માધાભાઈ દેવીપુજક તથા ગીતાબેન જયંતિભાઈ દેવીપુજક પોતાના રહેણાંક ઘરે દેશી દારુ રાખી વેચાણ કરે છે જે બાતમી હકીકત આધારે નજીકમાંથી બે પંચો બોલાવી સદરે જગ્યાએ જતા હકીકતવાળી જગ્યાએ પ્રોહી અંગે રેડ કરતાં એક ઇસમ હાજર મળી આવેલ જેનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા રાજેશભાઇ માધાભાઈ દેવીપુજક હોવાનુ જણાવેલ. સદર જગ્યાએ જડતી તપાસ કરતા ઘરના ખુણામાંથી એક પ્લાસ્ટીકના કંતાનમાંથી પ્લાસ્ટીકની પ્રવાહી ભરેલ થેલી નંગ–૧૦ મળી આવેલ. જે થેલીઓના મોઢા ખોલી અંદરનુ પ્રવાહી સુંધી સુંઘાડી જોતાં દેશી દારૂ ની પુષ્કળ વાસ આવતી હોય જે એક થેલીમાં ૫૦૦ એમ.એલ. લેખે કુલ દેશી દારુ લી.૦૫ જેની કીંમત રૂા.૧૦૦૦/– નો મળી આવેલ જે ગેરકાયદેસર અને પાસ પરમીટ વગરનો હોય દરેક થેલીમાંથી થોડો થોડો દારૂ એક કાચની શીશીમાં તેમાં ૧૮૦ એમ.એલ.જેટલો ભરી લઈ ઢાંકણ બંધ કરી પંચો તથા અમારી સહીવાળી કાપલી મૂકી લાગતી શીલ કરી સેમ્પલની શીશીની કીંમત રૂ.૦૦/– ની ગણી તપાસ અર્થે કબ્જે કરેલ બાકીનો દારૂ સ્થળ ઉપર નાશ કરેલ જે મતલબનુ વિગતવારનું પંચનામુ કલાક ૦૮.૦૦ થી ૦૯.૧૫ સુધીનુ અમોએ કરી લીધેલ જે પંચનામુ મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી ઓળખી બતાવુ છુ જે પંચનામુ આંક:–૯ થી રજુ છે તે જ છે. ત્યારબાદ બીજા બે આરોપીઓના ઘરે ઝડતી તપાસ કરતા દેશી દારુ મળી આવેલ હોય તેઓની વીરુધ્ધમાં અલગથી કાર્યવાહી કરેલ. આ અંગેની ફરીયાદ સાથેના અ.પો.કો. માધુસીંહ લક્ષ્મણસીંહ નાઓએ પી.એસ.ઓ.શ્રીને આપેલી જે ફરીયાદ મને બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં ફરીયાદી

તરીકે અ.પો.કો.હરેશભાઈ કરશનભાઈ નાઓની સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે ફરીયાદને રજુ દાખલ આંક:– ૧૨ ત્યારબાદ ફરીયાદ રજુ કરતાં પી.એસ.ઓશ્રીએ ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસ અમોને સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલ જે ડેપ્યુટ હુકમને રજુ દાખલ આંક:–૧૩ તપાસના કામે કબ્જે કરેલ પ્રોહી મુદ્દામાલ પૃથ્થક્કરણ સારુ એફ.એસ.એલ.કચેરી ખાતે મોકલી આપેલ જે રવાનગી પત્રકને રજુ દાખલ આંક:– ૧૪ આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખુ છુ.

સદર સાહેદ ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે તપાસના કામે અમને મળેલ ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે કહેવાતા બનાવવાળી જગ્યાએ ફરીયાદ મુજબ કોઈ હાજર મળી આવેલ નહી. એ વાત ખરી નથી કે, ફરીયાદ મુજબ મુદ્દામાલ બીનવારસી મળી આવેલ. એ વાત ખરી છે કે સમગ્ર પ્રક્રિયા પંચોની હાજરીમાં થાય છે. એ વાત ખરી છે કે, કહેવાતી રેડવાળી જગ્યાની આજુબાજુમાં ઘણાબધા માણસો તથા વાહનોની અવર–જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે,અમોએ તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે, પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.

આમ, સદર ફરિયાદીશ્રીની સોગંદ ઉપરની જુબાનીથી તેઓએ રેઈડ કરતા મુદામાલ મળી આવેલ જે અંગેનું પંચનામું પંચો રૂબરૂ કરેલ હોવાની હકીકત ફલિત થાય છે જેથી હવે જે મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામું પંચો રૂબરૂ કરેલ હોવાની હકીકત જણાવેલ છે તેવા પંચનામાના પંચ સાહેદો કે જે સ્વતંત્ર સાહેદો કહી શકાય તેઓની જુબાની ધ્યાને લેવી જરૂરી બની રહે છે.

**૧૦)** આ કામે ફરિયાદપક્ષે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નિઃશંકપણે પુરવાર કરવા માટે પંચ સાહેદોને **આંક– ૦૮** અને **આંક–૧૦** થી તપાસતા તેઓ પોતાની સોગંદ પરની જુબાની દરમ્યાનમાં સરતપાસના ભાગે સ્પષ્ટપણે તેઓ જણાવે છે કે, પોલીસે માત્ર તેમની સહીનુ નિશાન લીધેલ. તેઓની હાજરીમાં કોઈ પંચનામું થયેલ નથી. તેમ જણાવી **આંક– ૦૯** થી પંચનામું રજુ રાખી તે પરની પંચ નંબર ૧ અને ૨ સહી ઓળખી બતાવે છે. સદર સાહેદો ઉલટતપાસમાં જણાવે છે કે એ વાત ખરી છે કે પોલીસે એક તૈયાર પંચનામામાં માત્ર મારી સહી કરાવેલી એ સીવાય અમે કશુ જાણતા નથી.તેથી સદર પંચનામાંની વિગતો પુરવાર થયેલ ગણી શકાય નહી. તે જોતાં સદર પંચનામું તેઓની હાજરીમાં કરવામાં આવેલ હોય અને તેઓની હાજરીમાં કહેવાતી જગ્યાએથી ગુન્હાના કામે પ્રોહીબીશન અંગેનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ હોય તેવું ફરિયાદ પક્ષ સદર પંચ સાહેદો ની જુબાનીથી પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોય સદર **આંક– ૦૯** થી રજુ પંચનામાની વિગતો ધારાસર ફરિયાદ પક્ષે પુરવાર કરેલ ન હોય ફરિયાદ પક્ષને મદદરૂપ બનતાં નથી.

**૧૧)** આમ, આ કામે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવો જોતાં ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ફરિયાદીની જુબાની જોતા તેઓ પોતાની સરતપાસમાં ફરિયાદ હકીકતને તથા તેમની ફરજ દરમ્યાન કરેલ કાર્યવાહી અંગે સમર્થન આપતો પુરાવો આપે છે. આ પોલીસ સાહેદ ફરીયાદપક્ષના હિત ધરાવતા સાહેદ છે. વધુમાં સદર પોલીસ સાહેદ આરોપી તરફેની પોતાની ઉલટતપાસમાં કાબુલ રાખે છે કે,ફરિયાદમાં પંચો ના નામ જણાવેલ નથી જે ફરિયાદપક્ષના કેસમાં શંકા ઉત્પન્ન કરે છે. તેમના આ પુરાવાને ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ સ્વતંત્ર અને તટસ્થ એવા પંચ સાહેદની જુબાનીથી લેશમાત્ર સમર્થન મળતું નથી. ઉપર ચર્ચા કરી તે મુજબ આ કામે જે સ્વતંત્ર અને તટસ્થ પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં પંચનામામાં ફક્ત પોતાની સહી હોવાનું જણાવી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની કોઈ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી. ત્યારે તેવા સંજોગોમાં સ્વતંત્ર સાહેદોનાં સમર્થન વિના એકમાત્ર પોલીસ સાહેદની જુબાનીના આધારે આરોપી વિરુદ્ધનો પુરવાર થયેલો હોવાનું માની શકાય નહિ.

**૧૨)** જયારે પંચ સાહેદ ફરિયાદ પક્ષના કેસને સમર્થન ન આપતા હોય, આરોપીની શરીર સ્થિતિ અંગે કઈ જણાવતા ન હોય નામદાર એપેલેટ કોર્ટના ચુકાદા મુજબ આરોપીની શરીર સ્થિતિ અંગે કોઈપણ બાબત અંગે સપષ્ટતા કરતા ન હોય કે અન્ય પંચનામાની વિગતોને સમર્થન આપતા ન હોય ફરિયાદ પક્ષ ને મદદરૂપ બની શકે તેમ નથી.

આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટે **જીવાભાઈ ટી. વસાવા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત મુજબ જયારે પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપે નહી ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુન્હો બનેલ હોવાનું શંકાસ્પદ બની જાય છે.

આ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ નો સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ **સુરેશભાઈ એસ. પટેલ જીએચજે ૨૦૧૧ પાર્ટ ૨૬ પેજ ૧** ધ્યાને લેવો જરૂરી છે. જેમાં ઠરાવેલ છે કે,જો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચસાહેદ ફરી જવાથી પણ જપ્તી અને જડતી પ્રોહિબિશનના કેસમાં Beyond Reasonable Doubt પુરવાર થઇ શકે નહી.

વધુમા, નામદાર ગુજરાત હાઈકોર્ટે **ક્રિમીનલ અપીલ નં. ૧૬૧૬/૨૦૦૬ સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ યાદ્વેન્દ્રસિંગ સરદાર સુરજીતસિંગ જાટ તા.૨૨/૦૭/૨૦૧૬** ના પેરા– ૧૦ માં જણાવ્યા મુજબ

On overall examination of the evidence on record, it appears that from the seven witnesses examined, five witnesses belonged to police department. Two are independent panch witnesses who have been examined and

they have deposed that they were called at police station and they have unloaded the rice bags and boxes containing liquor from the truck and in token thereof, they have signed. The learned Trial Court has recorded the finding that the investigating agency failed to prove conscious possession of aforesaid foreign liquor qua present respondents as well as failed to even carry out the sealing procedure in accordance with the settled guidelines issued so far dealing with such cases are concerned and further also failed to disclose during the investigation the labels indicating the brand of such liquor However, on perusal of entire evidence on record, this Court finds that while PSI Shri Vaghela received secret information, then, he could not have carried out all the investigations as regards carrying out raid, lodging complaint, carrying out all the investigation and even filing of charge sheet. In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper.

વધુમાં, માનસિંગ **મુલુભાઈ કાઠી દરબાર વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ રીવીઝન એપ્લીકેશન નં.૪૩૫/૨૦૦૩** માં પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ "જો પંચ સાહેદો ફરિયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રિકવર કરેલ મુદામાલ સીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતોનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય.

**૧૩)** આમ, આ સંજોગોમાં સ્વતંત્ર સાહેદના સમર્થન વીના એક માત્ર ફરીયાદી અને તપાસ કરનાર કે જેઓ એક પોલીસ કર્મચારી છે જેથી પોલીસ સાહેદ ની જુબાનીને આધારે આરોપી સામેનો કેસ પુરવાર થયેલો ગણી શકાય નહી. સદરહુ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદ છે તે ફરિયાદ પક્ષના હિત ધરાવતા સાહેદ ગણી શકાય. આમ છતા હાલના કેસને જો સ્વતંત્ર પંચ સાહેદોનું ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળેલ હોત તો, ફરિયાદ પક્ષના કેસને તપાસવામાં આવેલ પોલીસ સાહેદની જુબાનીને સમર્થનકારી પુરાવા તરીકે ગ્રાહય રાખી શકાત પરંતુ આ કામે જયારે સ્વતંત્ર પંચ સાહેદોનુ ફરિયાદપક્ષના કેસ ને સમર્થન પ્રાપ્ત થયેલ નથી ત્યારે એક માત્ર પોલીસ સાહેદોની જુબાનીથી તથા રજુ પુરાવાઓના આધારે આરોપી સામેનો કેસ પુરવાર થતો નથી. આમ, આ કામના રજુ થયેલ પુરાવા એ નિઃશંકપણે સાબિત કરવામાં નિષ્ફળ નીવડેલ છે કે

આરોપીએ ગુજરાત પ્રોહિબીશન એક્ટની કલમ ૬૫ એએ મુજબ નો કોઈ ગુનો કરેલ હોય. આમ, આરોપીએ ગુજરાત પ્રોહિબીશન એક્ટની કલમ ૬૫ એએ મુજબનો ગુનો કર્યાનું સાબિત થતું ન હોય મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં નિર્ણિત કરી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

**૧)** આ કામના આરોપી રાજેશભાઇ માધાભાઈ દેવીપુજક, રહે– થલવાડા, તા.વડગામ, જી.બનાસકાંઠા નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૨૭૮(૧) મુજબ ગુજરાત પ્રોહિબીશન એક્ટની કલમ ૬૫ એએ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨)** આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યે નાશ કરવો.

**૩)** ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ – ૪૮૧ મુજબ આ કામના આરોપીએ અપીલ સમય સુધીના રૂ. ૫૦૦૦/– ના જામીન અને તેટલીજ રકમના જાત મુચરકા રજુ રાખવા અથવા વિકલ્પે અગાઉના જામીન ખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી ને જાહેર કરવામાં આવ્યો.

તારીખ :– ૩૦ / ૦૪/૨૦૨૬
સ્થળ :– વડગામ

(ચંદ્ર શેખર શર્મા)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વડગામ.
કોડ નંબર–જી.જે–૦૧૫૬૨